**ઈલિનોઈસ રાજ્ય**

**માનવ સેવા વિભાગ**

**પુનર્વાસ સેવા પ્રભાગ**

**તથ્ય પ ક**

**વિકલાગ વ્યકિતઓ માટે વ્યવસાયિક પુનર્વસન સેવા મેળવવા હેતુ**

પુનર્વાસ સેવા પ્રભાગ રાજ્ય અને કેન્દાય સરકારનો એક કાર્યક્રમ છે જેનુ મુખ્ય કામ કોઈ પણ પેઢી કે જાતિ ના વિકલાગ લોકો ને વ્યવસાયિક પુનર્વસન અને નોકરી અપાવવાનો છે. ઈલિનોઈસ રાજ્યના માનવ સેવા વિભાગના અનેક વિભાગોમાંથી એક વિભાગ ડી.આર.એસ. છે.

ડી.આર.એસ. વિકલાગ લોકાની મદદ કરવા માટે નિર્ધારિત છે જેથી તેઓ પોતાના સમુદાયમા રોજગાર માટે તૈયાર થઈ શકે, રોજગાર પ્રાપ્ત કરી શકે,એને બનાવી રાખી શકે અથવા ફરીથી મેળવી શકે. . વિકલાગ લોકો ખાસ કરીને અલ્પ સંખ્યક, અપ્રવાસી અથવા વિકલાગતા ધરાવનાર શરણાર્થી – ડી.આર.એસ.તરફથી મળતી સેવાઓનો પૂરો લાભ નથી ઉઠાવતા એટલે ઈલિનોઈસમા વી.આર. સિસ્ટમ આ વિવિધ સમુદાયોને મદદ પહુંચાડે છે.

વ્યવસ્થિત મદદ અને પ્રશિક્ષણથી ઈલિનોઈસમા વિકલાગ લોકો સારા ધંધા અને નોકરીઓનો અવસર મેળવી શકે છે.ઉપલબ્ધ સેવાઓ વિષે વારંવાર પૂછાતા સવાલોના જવાબ નીચે આપવામા આવ્યા છે. એને વાંચો અને માલૂમ કરો કે તમૈ અથવા તમારી ઓળખાણમા એવી કોઈ વ્યક્તિ છે જે આ સેવાઓનો લાભ લેવા માંગતા હોય.

**વારંવાર પુછાતા સવાલ**

1. **'વિકલાગ વ્યકિત' કોણ છે?** વિકલાગ વ્યકિત એ છે જેને કોઈ શારીરિક અથવા માનસિક ખામીના કારણે પોતાનુ કામ કરવામા મુશ્કેલી થતી હોય. ઉદાહરણ તરીકે કોઈ પણ વ્યકિતને વિકલાગતા થઈ શકે છે જો તેઃ

    - બહેરુ હોય અથવા સાંભળવામા ગંભીર મુશ્કેલી થતી હોય.
    - આંધળુ હોય અથવા જોવામા ગંભીર મુશ્કેલી થતી હોય અને ચશ્મા પહેરવા છતાં મુશ્કેલી થતી હોય.
    - મુશ્કેલીથી ધ્યાન આપી શકે, યાદ રાખી શકે અથવા એને નિર્ણય લેવામા મુશ્કેલા થતી હોય.
    - કપડા પહેરવામા અથવા ન્હાવામા મુશ્કેલી થતી હોય.
    - રોજિંદા કામો જાતે કરવામા મુશ્કેલી થતી હોય, જેમ કે, ખરીદી કરવી,ઓફિસે જવુ કે ડાક્ટર પાસે જવુ.
    - એક જગ્યાથી બાજી જગ્યાએ જવામા મુશ્કેલી થતી હોય અથવા શરીરના કોઈ અંગને હલાવવામા મુશ્કેલી થતી હોય (ઉદાહરણ તરીકે ચાલવામા, ચઢવામા, ગોઠણ વાળવામા, બેસવામા અને ઉભા થવામા).
    - કામ પર વ્યવસ્થિત અને સારો વર્તાવ રાખવામા ખૂબ મુશ્કેલી થતી હોય અને કામની જગ્યાએ સ્વીકારવામા ન આવતા હોય.

2. **હું (અથવા કોઈ બીજુ જેને હું ઓળખુ છુ) વી.આર. સેવાઓનો લાભ મેળવી શકે?**
   તમે અથવા બીજી કોઈ વ્યક્તિ જે વિકલાંગ છે અને તે ડી.આર.એસ.ની મદદથી મળતી નોકરીઓ મેળવવા માટે યોગ્ય છે કે નહિ, તે નિર્ણય લેવો વી.આર. ના યોગ્ય કર્મચારીઓનુ કામ છ. આ વ્યકિત પાસે અમેરિકા અથવા એના રાજ્યક્ષે મા કામ કરવાનો અધિકાર હોવો જોઈએ.

3. **ડી.આર.એસ,– વી.આર. મને કેવા પ્રકારની સેવાઓ પૂરી પાડી શકે છે?**

ડી.આર.એસ ઘણા પ્રકારની સેવાઓ આપે છે જે તમારી ટનિંગ, શિક્ષા અને નોકરીની જરુરિયાતો માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે.આ સુવિધાઓમા ઉપલબ્ધ છેઃ નોકરીની સલાહ અને માર્ગદર્શન, સામુદાયિક નેતા પાસે મોકલવુ, લાંબાસ મય સુધી કામ માટે મદદ કરવા ((ઉદાહરણ તરીકે એક વ્યક્તિગત દેખભાલ સહાયક અથવા કાર્ય શિક્ષકની સેવા ), સંક્રમણ સેવાઓ અને કોલેજ પ્રશિક્ષણ ના વિકલ્પ.

**4. હું અરજી કેવી રીતે કરી શકુ છું?**
તમે વી.આર. સેવાઓ માટે ઓનલાઈન, ફોનથી, ફેક્સથી અથવા જાતે પોતાના સ્થાનીય કાર્યાલયમા અરજી કરી શકો છો. તમે વેબસાઈટ drs.ilimois.gov/apply પર અરજી કરી શકો છો. તમે ફોન નંબર (800) 843-6154 ( અંગ્રેજી અથવા સ્પેનિશ ) પર પોતાના સૌથી નજીકના ડી.આર.એસ. કાર્યાલયમા અથવા નીચ આપેલ સાંસ્કૃતિક સમુદાય એજન્સીમાથી કોઈ એક ભાષાની મદદ માટે સંપર્ક કરી શકો છો. ડી.આર.એસ. વિષે વધારે જાણકારી મેળવવા માટે તમે વેબસાઈટ drs.ilimois.gov જોઈ શકો છો.

**5. શું મારે વી.આર. સેવાઓ માટે કંઈ પૈસા આપવા પડશે?**
ડી.આર.એસ. ધ્વારા મળતી કેટલીક સેવાઓ તમારા પગાર પર આધારિત છે.જો કોઈ રકમની જરુરત હશે તો તમારા સલાહકાર આ બાબતે તમારી સાથે ચર્ચા કરશે અને સમજાવશે.ઘણી સેવાઓ મફતમા ઉપલબ્ધ છે.

**6. જો મને અંગ્રેજી બોલતા નથી આવડતુ, તો?**
જો તમને ભાષા માટે કોઈ પણ સુવિધાઓની જરુર હોય તો કૃપા કરીને પોતાના વી.આર. સલાહકારને જણાવો જેથી તે તમારી ભાષા અને સંસ્કૃતિક જરુરિયાતો માટે સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકે.

## હું શરુ કેવી રીતે કરુ?

જ્યારે તમે પહેલી વાર તમારા વી.આર. સલાહકાર ને મળો ત્યારે કૃપા કરીને નીચે લખેલા કાગળિયા માંથી જેટલા બની શકે તેટલા કાગળિયા જરુરથી લાવજોઃ

બધા અરજદાર

- ✓ મેડીકેડ અથવા/અને મેડીકેર કાર્ડ
- ✓ સોશિયલ સિક્યોરીટી કાર્ડ
- ✓ તમારી અત્યાર સુધીની નોકરીઓ અને મેળવેલ ડિગ્રીના પ્રમાણપ ની સૂચિ
- ✓ તમારા વર્તમાન આરોગ્યની જાણકારી. ડોક્ટર,લાયસન્સ ધરાવતા થેરાપિસ્ટ અથવા સાયકોલોજિસ્ટ ધ્વારા લખેલો અથવા ટાઈપ કરેલો પ હોવો જરૂરી છે જેમા લખેલુ હોયઃ
    - રોગ નિદાન અથવા રોગના લક્ષણ
    - દવાની કોઈ સાઈડ-ઈફેક્ટ
    - સારવારની યોજના અને દવાની સૂચિ
    - કામ કરવાની અનુમતિ અથવા એમા કોઈ પ્રતિબંધ કે છૂટ
    - પ આપવાવાળા ડોક્ટરનુ નામ,સરનામુ અને ફોન નંબર

## વિવિધ સાંસ્કૃતિક એજન્સીઓની સૂચિ

| એજન્સીનુ નામ | સંપર્ક વ્યક્તિ | ભાષા |
|---|---|---|
| **Arab American Family Services**<br>આરબ અમેરિકન ફેમિલી સર્વિસ<br>9044 S Octavia Ave, Bridgeview, IL 60455<br>ફોન (708) 599-2237 ફેક્સ (708) 599-8299<br>વેબસાઈટ www.arabamericanfamilyservices.org | ઈતિદાલ શેલેબી, એકિઝક્યુટીવ ડિરેક્ટર<br>ઈ-મેલ itedals@yahoo.com<br>ફોન (708) 599-2237 Ext. 31 | અરબી |
| **Asian Human Services**<br>એશિયન હ્યુમન સર્વિસ<br>4753 N Broadway St, Suite 700, Chicago. IL 60640<br>ફોન: (773) 728-2235 ફેક્સ (773) 561-1396<br>વેબસાઈટ www.ahschicago.org | જીંગ ઝેંગ, ડિરેક્ટર ઓફ કમ્યુનીટી હેલ્થ પ્રોગ્રામ<br>ઈ-મેલ jzhang@ahschicago.org<br>ફોન (773) 293-8460 | 28 ભાષાઓ જેમ કે, મેન્ડેરીન,કેન્ટોનીઝ, હિન્દી,મંગ,ખમેર, લાઓ,થાય, ઉર્દૂ |
| **Cambodian Association of Illinois**<br>કંબોડિયન અસોશિયેશન ઓફ ઈલિનોઈસ<br>2831 W Lawrence Ave, Chicago, IL 60625<br>ફોન (773) 878-7090 ફેક્સ (773) 878-5299<br>વેબસાઈટ www.cai.maaillinois.org | કેથી રુન, ઈમિગ્રેશન અને ફેમિલા રિસોર્સ સેન્ટર<br>ઈ-મેલ kathy@cambodian-association.org<br>ફોન: (773) 878-7090 Ext. 205 | ખમેર |
| **Chinese American Service League (CASL)**<br>ચાઈનીઝ અમેરિકન સર્વિસ લિગ<br>2141 S Tan Court, Chicago, IL 60616<br>ફોન: (312) 791-0418 ફેક્સ (312) 791-0509<br>વેબસાઈટ www.caslservice.org | આઈવી સ્યુ, ફેમિલી અને કમ્યુનીટી સર્વિસ મેનેજર<br>ઈ-મેલ ivy_siu@caslservice.org<br>ફોન: (312) 791-0418 Ext. 2202 | ચાઈનીઝ - મેન્ડેરીન,કેન્ટોનીઝ |
| **Chinese Mutual Aid Association**<br>ચાઈનીઝ મ્યુચલ એડ અસોશિયેશન<br>1016 W Argyle St, Chicago, IL 60640<br>ફોન: (773) 784-2900 ફેક્સ (773) 784-2984<br>વેબસાઈટ www.chinesemutualaid.org | જેમી તરાદશ,રીહેબીલીટેશન સર્વિસ પ્રોજેક્ટ ડેવલપર<br>ઈ-મેલ jamiet@chinesemutualaid.org<br>ફોન: (773) 784-2900 Ext. 110 | 28 ભાષાઓ જેમ કે,બોસનીઅન, બર્મિઝ, મેન્ડેરીન,કેન્ટોનીઝ, નેપાળી,વિયેટનામીઝ |
| **Indo-American Center**<br>ઈંડો-અમેરિકન સેન્ટર<br>6328 N California Ave, Chicago, IL 60659<br>ફોન: (773) 973-4444 ફેક્સ (773) 973-0157<br>વેબસાઈટ www.indoamerican.org | સુનિતા ડોમા, પબ્લિક બેનેફીટ કોરડીનેટર<br>ઈ-મેલ sdoma@indoamerican.org<br>ફોન: (773) 973-4444 Ext. 109 | બંગાળી, હિન્દી, પંજાબી, ગુજરાતી, ઉર્દૂ |
| **Korean American Community Services**<br>કોરિઅન અમેરિકન કમ્યુનીટી સર્વિસ<br>4300 N California Ave, Chicago, IL 60618<br>ફોન: (773) 583-5501 ફેક્સ (773) 583-7009<br>વેબસાઈટ www.kacschicago.org | મી યંગ સીઓ, ડિરેક્ટર ઓફ સિનીયર સર્વિસ અને પબ્લિક બેનેફીટ<br>ઈ-મેલ mseo@kacschicago.org<br>ફોન: (773) 583-5501 Ext. 160 | કોરિઅન અને સ્પેનિશ |
| **Lao American Community Services**<br>લાઓ અમેરિકન કમ્યુનીટી સર્વિસ<br>4750 N Sheridan Rd. Suite 369, Chicago, IL 60640<br>ફોન: (773) 271-0004 ફેક્સ (773) 271-1682<br>વેબસાઈટ www.lacschicago.org | થવોને ન્યાત્સો-ઓત્યેરે, એકિઝક્યુટીવ ડિરેક્ટર<br>ઈ-મેલ info@lacschicago.org<br>ફોન: (773) 271-0004 | લાઓ અને થાય |

| | | |
|---|---|---|
| **Muslim Women Resource Center**<br>મુસ્લિમ વુમન રિસોર્સ સેન્ટર<br>6445 N Western Ave, #301, Chicago, IL 60659<br>ફોનઃ (773) 764-1686 ફેક્સ (773) 764-6753<br>વેબસાઈટ www.mwrcnfp.org | સીમા કુરેશી, એક્ઝિક્યુટીવ ડિરેક્ટર<br>ઈ–મેલ sima@mwrcnfp.org<br>ફોનઃ (773) 764-1686 | ઉર્દુ |
| **Nepali American Center**<br>નેપાલી અમેરિકન સેન્ટર<br>6 E Jerry St, Mount Prospect, IL 60056<br>ફોનઃ (773) 800-1622<br>વેબસાઈટ www.nepaliamericancenter.org | અંકુર શર્મા, જનરલ સેક્રેટરી<br>ઈ–મેલ<br>info@nepaliamericancenter.org<br>ફોનઃ (773) 800-1622 | નેપાળી અને<br>નેપાળની બીજી<br>આદિવાસી ભાષાઓ |
| **United African Organization**<br>યુનાઈટેડ આફ્રિકન ઓર્ગનાઈઝેશન<br>3424 S State St, Suite 3C8-2, Chicago, IL 60616<br>ફોનઃ (312) 949-9980 ફેક્સ (312) 949-9981<br>વેબસાઈટ www.uniteafricans.org | નેન્સી અસિરીફી ઓત્ચેરે, પ્રોગ્રામ<br>કોરડીનેટર<br>ઈ–મેલ Nancy.asirifi-<br>otchere@uniteafricans.org<br>ફોનઃ (312) 949-9980 | ફ્રેન્ચ, સોમાલી અને<br>મુખ્ય આફ્રિકન<br>ભાષાઓ |
| **Vietnamese Association of Illinois**<br>વિયેટનામીઝ અસોશિયેશન ઓફ ઈલિનોઈસ<br>5110 N Broadway St, 2nd Floor, Chicago, IL<br>60640<br>ફોનઃ (773) 728-3700 ફેક્સ (773) 728-0497<br>વેબસાઈટ www.hnvi.org | વેન ઝોંગ, હેલ્થકેર અને કમ્યુનીટી<br>પ્રોગ્રામ<br>ઈ–મેલ vlduong@yahoo.com<br>ફોનઃ (773) 728-3700 | વિયેટનામીઝ |